# Gujarat Public Service Commission

## List of Eligible Candidates for Application Scrutiny

## Advertisement No.98/2025-26

1. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની **Inspector of Inspection of Building and other Construction, Class-II, ની જગ્યાએ ભરતી કરવા માટે જાહેરાત ક્રમાંક: 98/2025-26** ના સંદર્ભમાં આયોગ દ્વારા સામાન્ય અભ્યાસની તા.**10.05.2026** તથા સંબંધિત વિષયની તા.**03.05.2026** ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે આયોગે અરજી ચકાસણીની પાત્રતા માટે નક્કી કરેલ લાયકી ધોરણ (જે તે કેટેગરીમાં મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવાર ના ગુણ) મુજબ નીચે દર્શાવ્યા મુજબના ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર સફળ જાહેર કરવાના થાય છે. પ્રસ્તુત યાદી એ મેરીટ લીસ્ટ નથી. પરંતુ, માત્ર અને માત્ર જે ઉમેદવારો પાસેથી પ્રમાણપત્રોની ચકાસણી માટે અરજીઓ મંગાવવાની થાય છે તે 'Zone of Consideration' અંતર્ગતની યાદી છે.

**ખાસ સૂચના :-**

**અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ પોતાની અરજી સાથે જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજ ઓનલાઇન પધ્ધતિથી જ https://gpsc-iass.gujarat.gov.in પર અપલોડ કરીને રજુ કરવાના રહેતા હોવાથી રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા સ્વીકારવાપાત્ર બનતા નથી, આથી ઓનલાઇન પધ્ધતિ સિવાય અરજી મોકલનાર ઉમેદવારો અરજી ચકાસણી માટે આપોઆપ અપાત્ર બનશે.**

2. **અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોના સંબંધિત વિષયની પરીક્ષાના બેઠક નંબરો નીચે મુજબ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| 101000010 | 101000015 | 101000017 | 101000039 | 101000040 |
| 101000064 | 101000066 | 101000069 | 101000072 | 101000087 |
| 101000093 | 101000097 | 101000126 | 101000144 | 101000150 |

| | | | | |
|---|---|---|---|---|
| 101000155 | 101000156 | 101000165 | 101000179 | 101000185 |
| 101000213 | 101000215 | 101000219 | 101000220 | 101000233 |
| 101000241 | 101000250 | 101000252 | 101000262 | 101000263 |
| 101000265 | 101000267 | 101000276 | 101000303 | 101000304 |
| 101000306 | 101000312 | 101000315 | 101000325 | 101000326 |
| 101000342 | 101000345 | 101000362 | 101000363 | 101000364 |
| 101000375 | 101000381 | 101000393 | 101000395 | 101000410 |
| 101000420 | 101000422 | 101000430 | 101000475 | 101000498 |
| 101000503 | 101000511 | 101000521 | 101000552 | 101000555 |
| 101000572 | 101000574 | 101000579 | 101000582 | 101000585 |
| 101000596 | 101000599 | 101000619 | 101000629 | 101000640 |
| 101000660 | 101000693 | 101000698 | 101000704 | 101000735 |
| 101000741 | 101000747 | 101000753 | 101000761 | 101000786 |
| 101000788 | 101000791 | 101000807 | 101000813 | 101000817 |
| 101000820 | 101000834 | 101000835 | 101000841 | 101000845 |
| 101000852 | 101000874 | 101000879 | 101000895 | 101000914 |
| 101000946 | 101000955 | 101000971 | 101000992 | 101001000 |
| 101001012 | 101001017 | 101001034 | 101001035 | 101001037 |
| 101001078 | 101001080 | 101001082 | 101001125 | 101001135 |
| 101001139 | 101001159 | 101001165 | 101001166 | 101001169 |
| 101001170 | 101001179 | 101001201 | 101001205 | 101001207 |
| 101001239 | 101001240 | 101001241 | 101001244 | 101001266 |
| 101001293 | 101001311 | 101001322 | 101001324 | 101001343 |
| 101001358 | 101001373 | 101001375 | 101001387 | 101001392 |
| 101001394 | 101001396 | 101001408 | 101001420 | 101001427 |
| 101001436 | 101001447 | 101001467 | 101001471 | 101001476 |
| 101001478 | 101001488 | 101001506 | 101001515 | 101001535 |

| | | | | |
|---|---|---|---|---|
| **101001538** | **101001543** | **101001545** | **101001551** | **101001559** |
| **101001567** | **101001571** | **101001574** | **101001577** | **101001598** |
| **101001618** | **101001619** | **101001631** | **101001633** | **101001639** |
| **101001664** | **101001680** | **101001715** | **101001729** | **101001747** |
| **101001779** | **101001783** | **101001786** | **101001799** | **101001807** |
| **101001813** | **101001818** | **101001823** | **101001837** | **101001856** |
| **101001860** | **101001875** | **101001882** | **101001888** | **101001890** |
| **101001901** | **101001924** | **101001925** | **101001929** | **Total = 189** |

૩.**નોંધ:**

(1) જાહેરાત ક્રમાંક: 98/2025-26ની પ્રાથમિક કસોટી બે ભાગમાં યોજવામાં આવેલ હતી. તા. **10.05.2026** ના રોજ OMR પધ્ધતિથી સામાન્ય અભ્યાસની કુલ 65 જાહેરાતો સાથે સંયુક્ત પણે અને તા. **03.05.2026** ના રોજ OMR પધ્ધતિથી સંબંધિત વિષયની કુલ 10 જાહેરાતો સાથે સંયુક્ત પણે પ્રાથમિક કસોટી યોજવામાં આવેલ હતી. આયોગ દ્વારા તા.29.04.2026 ની અગત્યની જાહેરાતથી સામાન્ય અભ્યાસના કોમન ઉમેદવારો માટે Self-Declaration ભરવા જણાવેલ. તથા આયોગની તા.22.04.2026 ની અગત્યની જાહેરાતથી સંબંધિત વિષયના કોમન ઉમેદવારો માટે Self-Declaration ભરવા જણાવેલ. જે ધ્યાને લઇ, સંબંધિત કોમન જાહેરાતના ગુણ પ્રદાન કરવામાં આવેલ છે. આમ, ઉમેદવારોને કોમન જાહેરાત અંગેનો ડેટા ઉપલબ્ધ કરવામાં આવેલ, જે મુજબ સામાન્ય અભ્યાસ અને સંબંધિત વિષયના પેપરમાં કોમન જાહેરાતના ગુણ પ્રદાન કરવામાં આવેલ છે.

(2) આયોગના તા.૩૦-૦૭-૨૦૧૬ના કચેરી હુકમથી તા.૦૧/૦૮/૨૦૧૬થી પ્રસિધ્ધ થતી સીધી ભરતીની જાહેરાતો અનુસંધાને આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણના ૫૦% ગુણભાર તથા રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના ૫૦% ગુણભારના આધારે કરવાની રહે છે. જેને અનુલક્ષીને આયોગના તા.૦૯-૦૫-૨૦૧૭ના કચેરી હુકમથી પ્રાથમિક કસોટીમાં રદ થયેલ પ્રશ્નોના ગુણ બાકી રહેલ પ્રશ્નોમાં સમાન રીતે (**Pro-rata** પધ્ધતિ) ગુણ પ્રદાન પધ્ધતિ અપનાવવાની રહે છે. તદનુસાર સદરહુ કસોટીમાં સામાન્ય અભ્યાસમાં **4** પ્રશ્ન રદ કરવામાં આવેલ હોવાથી પ્રત્યેક સાચા જવાબના કિસ્સામાં **1.042** ગુણ પ્રદાન અને પ્રત્યેક ખોટા જવાબના કિસ્સામાં **0.313** ગુણ કપાત પ્રમાણે તથા સંબંધિત વિષયના પ્રશ્નપત્રમાં **02** પ્રશ્ન રદ

કરવામાં આવેલ હોવાથી પ્રત્યેક સાચા જવાબના કિસ્સામાં **1.010** ગુણ પ્રદાન અને પ્રત્યેક ખોટા જવાબના કિસ્સામાં **0.303** ગુણ કપાત પ્રમાણે જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

(3) સા.વ.વિ. ના તા. 20.11.2024 ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૨૧૭-૧૨૨૬૩૯-ગ.૨ ની જોગવાઇ મુજબ દિવ્યાંગ ઉમેદવારોને જૂથ મુજબ પ્રતિનિધિત્વ આપવાનુ થાય છે. જે ધ્યાને લેવામાં આવેલ છે.

(4) આયોગના તા.25.11.25 ના સુધારા કચેરી હુકમથી નિયત થયેલ જોગવાઇ મુજબ દરેક કેટેગરીની જગ્યાઓ સામે અરજી ચકાસણી અને રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની સંખ્યા માટે માપદંડ નિયત કરવામાં આવેલ છે, જે ધ્યાને લેવાના થાય છે.

ઉપરોક્ત જણાવેલ માપદંડની વિગત નીચે મુજબ છે.

| **જગ્યાની સંખ્યા** | **અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારની સંખ્યા** | |
|---|---|---|
| | **અનુભવ વગર** | **અનુભવ વાળી** |
| **૧** | ૧૨ | ૧૬ |
| **૨** | ૨૨ | ૨૫ |
| **૩ કે તેથી વધુ જગ્યા માટે** | જગ્યાની સંખ્યાના ૪- ગણા અથવા ૨૫ પૈકી જે વધારે હોય તે સંખ્યા | જગ્યાની સંખ્યાના ૬- ગણા અથવા ૩૨ પૈકી જે વધારે હોય તે સંખ્યા |

(5) જો આ ઉમેદવારોમાંથી રૂબરૂ મુલાકાતને પાત્ર પુરતા ઉમેદવારો નહિ મળે તો મેરીટ યાદી મુજબ ક્રમાનુસાર આયોગના તા.04.07.25 અને તા.17.09.25 ના કચેરી હુકમથી ઠરાવેલ લઘુત્તમ ગુણ કરતાં વધુ ગુણ ધરાવતા ઉમેદવારો જો પ્રાપ્ત થતા હશે તો વધુ ઉમેદવારોને કામચલાઉ ધોરણે અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવશે. વધુમાં આ રીતે અરજી ચકાસણી માટે પાત્ર ગણવાના ઉમેદવારો પૈકી જે તે કેટેગરીમાં છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યારપછીના જે કોઇ ઉમેદવારના હશે તેમને પણ અરજી ચકાસણી માટે પાત્ર ગણવામાં આવશે. આ પ્રમાણે થશે તો અરજી ચકાસણી માટે પાત્ર ઉમેદવારોની સંખ્યામાં વધારો થઇ શકશે. આ રીતે જે બેઠક નંબરોના ઉમેદવારોની અરજીઓની ચકાસણી કરવાની થશે તેની વિગતો આખરી પરિણામમાં દર્શાવવામાં આવશે.

(6) આ પરિણામમાં કામચલાઉ ધોરણે અરજી ચકાસણીને પાત્ર જાહેર થયેલ ઉમેદવારો પૈકી જે ઉમેદવારો ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇઓ મુજબ જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર ઇત્યાદિ જરુરીયાતો પરિપૂર્ણ કરતા હોય તેવા મેરીટયાદી મુજબના પ્રાપ્ત થયેલ ઉમેદવારોને ગણતરીમાં લીધા બાદ તે પછીના ઉમેદવારોને તેઓ બધી જરુરિયાતો સંતોષતા હશે તો પણ રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં નહી આવે, જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી.પરંતુ,આ રીતે રૂબરૂ મુલાકાતને માટે પાત્ર ગણવાના ઉમેદવારો પૈકી જે તે કેટેગરીમાં છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યારપછીના જે કોઇ ઉમેદવારના હશે તેમને પણ રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે. આ પ્રમાણે થશે તો રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની સંખ્યામાં વધારો થઇ શકશે.

(7) ઉપરની કાર્યવાહી બાદ રૂબરૂ મુલાકાતને પાત્ર થતાં ઉમેદવારોની યાદી નોટીસ બોર્ડ પર હવે પછી મુકવામાં આવશે.

**4.** અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને “ઓન-લાઇન” કન્ફર્મ થયેલ અરજી પત્રક (ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.) અને <u>લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નકલ</u> નીચેના ક્રમાનુસાર

(1) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(2) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(3) અનામત વર્ગ (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામાં

આવશે નહિ. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(5) દિવ્યાંગ ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર.

(6) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(7) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(8) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(9) વર્ગ-૩ ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર (જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં)

(10) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(11) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(12) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક ) (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(13) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(14) તબીબી, દંત વિષયક અને પશુચિકિત્સા વિષયક જાહેરાતો માટે ઇન્ટર્નશીપ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(15) જે જાહેરાતમાં કાઉન્સિલનું રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં સંબંધિત કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તે નોંધણી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(16) પીએચડી પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(17) નેટ/સ્લેટ પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(18) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(19) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(20) ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુનામાં “ના વાંધા પ્રમાણપત્ર” (અસલમાં) અચૂક રજુ કરવાનું રહેશે.

(21) અનુભવના પ્રમાણપત્રો (જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ/કામના પ્રકાર દર્શાવવાના રહેશે.)

(22) સંશોધનપત્રો (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(23) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

(24) શારીરિક માપ અંગેનું તબીબી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો) અને

(25) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

**પૈકી આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર જાહેરાત ક્રમાંક: 98/2025-26 હેઠળ હવે પછી દર્શાવવામાં આવનાર યાદી મુજબના લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો / આધાર પુરાવાની નકલ યોગ્ય રીતે કાળજીપુર્વક આયોગ દ્વારા વેબસાઇટ ઉપર આપવામાં આવનાર સૂચના અનુસાર નિયત સમયમાં અચૂક ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.**

**ઉમેદવારે ભરતી પ્રક્રિયા અંતર્ગત પોતાની ઉમેદવારી સંદર્ભે આગળના તબક્કાની કાર્યવાહી માટે ઓનલાઇન પધ્ધતિ અનુસરીને તકેદારી અવશ્ય દાખવવાની રહેશે.**

**સ્થળ: ગાંધીનગર-382010**
**તારીખ:25.06.2026**

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ